





ખાયકી પશુચારાની એ પચાવી બેઠા છે,
નબળા કાયદે સ્વ ને એ બચાવી બેઠા છે,
કચકચાવી ને ફટકારો કરોડો નો દંડ -
બંગલા દાબી નિયમો એ નચાવી બેઠા છે
(લાલુ ની જોહુકમી)

હે ઉદ્ધવજી!
મારા વ્હાલાને હવે -
બહુ ન વઢો..
(શિવસેના ના વાંધાવચકા)

બને તારણ,
ને હળવું ભારણ -
એ વિસ્તરણ..
(કારણ, કોઇનું મારણ)




## ચિંતન

**અન્વયાગત વિદ્યા નામન્વયાગત સંપદામ્ । વિદુષાં ચ પ્રભુણાં ચ હૃદયં નાવ લિપ્યતે ॥**

વંશપરંપરા - વારસાગત મળેલી સંપત્તિ ધન-સમૃદ્ધિ અને વારસાગત સંસ્કારોથી મળેલી વિદ્યાવાળાઓ ને એ સંપત્તિ કે વિદ્યાથી કદાપિ, હૃદયમાં ગર્વ કે અભિમાન ઉત્પન્ન થતું નથી. એ સહજ જેવું જ જણાય છે.

કહેવત છે કે 'અધુરો ઘડો છલકાય ઘણો' - ધનસંપત્તિ-વિદ્યામાં દંભ કરનારની આછકલાઇ છતી થઇ જાય છે બે નંબરી કે અચાનક વારસા કે લોટરી કે ઠગાઇથી મળેલા પૈસાનું અભિમાન આવે છે અને પોતે હવે ખૂબ ધનવાન છે એવું બતાવવા ખોટી જગ્યાએ દાન અને પૈસો વેરવા લાગે છે. પૈસાનો મદ પણ આવી જાય છે.

એવું જ વિદ્યા-અભ્યાસનું છે પલ્લવગ્રાહી પાંડિત્ય કોઇ મહાન ગ્રંથનો ટૂંકસાર કે કોઇ અસ્વીકાર્ય વિવેચના વાંચી પોતે જ જાણે એ ગ્રંથના સારા ટીકાકાર કે વિવેચક હોય એવો દંભ કરે એ આછકલાઇ છે.

જયારે પરાપૂર્વથી ચાલતી આવતી સંપત્તિના માલિક કે વિદ્વાન પરિવારની વારસાગત પંડિતાઇમાં કોઇ દંભ કે અભિમાન આવતું નથી.

## સુવિચાર

- સુખદુ:ખના સંજોગો સમજવામાં વર્ષો વીતી જાય છે. અને એક સમય એવો આવે છે કે માણસનાં સુખ-દુખ કોઇ બાહરી ચીજવસ્તુ કે વ્યક્તિઓ ઉપર આધારિત નથી રહેતાં, એ એની અંદરની બાબત બની જતા હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પૂર્ણ સંતોષી છું, બેડો પાર લાગે છે મને, એક બે છાંટાયે મુશળધાર લાગે છે મને, મેળવ્યો છે મેં સહિષ્ણુતાથી પીડા પર વિજય, દર્દ જે જીવલેણ છે, ઉપચાર લાગે છે મને... - **શોભિત દેસાઇ**
- કઇ ઉંમરલાયક વ્યક્તિ પોતે એક વખત બાળક હતી એ વાત યાદ રાખતી હોય છે? ખાસ કરીને સંતાનોને શિખામણ આપતા હોય ત્યારે!!! - **મોરારિ બાપુ**
- સુખના સમયે દુ:ખ કદાચ એક મિનિટ જેટલું જ દૂર હોય છે અને દુ:ખના સમયે સુખ કદાચ એક મિનિટ જેટલું જ દૂર હોય છે - **મુનિ ચંદ્રભાનુ સુરિશ્વરજી**
- સ્વભાવથી માણસો બધા સરખા છે, પરંતુ કેળવણી ને લીધે તેમની વચ્ચેનો તફાવત જણાઇ આવે છે. - **જનકલ્યાણ**
- તારા મિત્રને જાળવી રાખવા માટે તેનું ભલું કર, તારા શત્રુને મિત્ર તરીકે મેળવવા માટે તેનું ભલું કર - **મહાવીર**
- પતન માટે કેવળ ઇચ્છા કાફી છે, જયારે ઉત્થાન માટે ઇચ્છા, સાધના, પરિશ્રમ ત્રણેવ જરૂરી છે - **આચાર્ય વિજયરત્નસુંદરજી**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ભગવાન બુદ્ધનો સત્સંગ ચાલતો હતો. ભગવાને કહ્યું લોકો ચાર-પ્રકારના હોય છે :

૧. અંધારામાંથી અંધકાર તરફ જનારા. ૨. અંધારામાંથી પ્રકાશ તરફ જનારા.

૩. પ્રકાશમાંથી અંધકાર તરફ જનારા. ૪. પ્રકાશમાંથી પ્રકાશ તરફ જનારા.

રાજા જિજ્ઞાસુ હતા. સત્સંગમાં એ પણ બેઠા હતા. ભગવાને આ ચાર પ્રકારની વાત કરી પછી બીજા દૃષ્ટાંત પર ચાલ્યા ગયા.

રાજાએ ભગવાનને વિનંતી કરી આપે ચાર પ્રકારના માનવીઓની વાત કરી પણ સમજાયું નહીં આપ જરા વધારે સ્પષ્ટતાથી કહો -

ભગવાને સમજાવ્યું -

૧. માણસ પાપકર્મે ખરાબ કુળમાં જન્મ્યો હોય છતાં ત્યાં પણ જન્મી દુષ્કર્મો-દુરાચરણ કરતો જ રહે તે અંધારામાંથી અંધકાર તરફ ગતિ.

૨. કોઇ નીચ કુળમાં ભલે જન્મ્યો હોય પણ સદાચાર સત્ય પથ પર ચાલી અંધકારમાંથી પ્રકાશ તરફ જાય છે.

૩. કોઇ ધનવાન ઘરમાં સત્કર્મે જન્મ્યો હોવા છતાં ખરાબ સંગતે દુરાચાર તરફ જાય તે પ્રકાશમાંથી અંધકાર તરફ જાય છે.

૪. જે જ્ઞાની સદાચારી હોય છતાં સાધના-ઉપાસનામાં જ સમય વિતાવે એ પ્રકાશમાંથી પ્રકાશ તરફ જાય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# નીલગાયની વસ્તી વધવાના ઘણાં કારણો છે, એક તો એના નામ સાથે ગાય શબ્દ જોડાયેલો છે, તેનાથી તેને ધર્મપ્રેમી લોકો દ્વારા રક્ષણ મળતું રહ્યું છે, ખેડૂતોને ખેતરમાં નુકશાન થવા છતાં તેનો શિકાર એ થવા દેતા નથી

રાજદૂત મોટર સાયકલને હું કીક મારવા જતો હતો ત્યાં દૂરથી એક બુઝર્ગ આવતા જણાયા. તેમણે માથા પર ગોળ ટોપી પહેરી હતી. લાંબી સફેદ દાઢી અને સફેદ ખમીશ પહેર્યું હતું. જે આખી બાંયવાળુ હતું. લેંઘો પણ સફેદ હતો. કાળા બુટ પહેરેલા પણ તેના પર ધૂળ ચડી ગયેલી તેના પરથી લાગતું હતું કે કયાંક ગામડેથી એ આવે છે.

પહેલાં તો મને એમ લાગેલું કે કોઇ ફરવા આવનાર હશે પણ મારી તરફ આવતા જોઇ કંઇક કામે આવ્યા હોય તેવું અનુમાન કરી હું જરા થોભ્યો. એ નજીક આવતાં મેં પુછ્યું.

'કોઇનું કામ હતું?'

'હાં, નુર મહંમદ મળશે?'

'તમે'

'હુ તેનો કાકો થાઉં છું. હિંગોળાગઢથી આવ્યો છું.'

'સારું સારું તમારે એમને ઘેર જવું છે?'

'ના, મારે એને જ મળવું છે.'

'એ અત્યારે હરણનાં પાંજરા બાજુ અથવા તો જંગલમાં કયાંક હોવા જોઇએ. હું એ તરફ જાઉં છું ચાલો મારી સાથે બેસી જાવ.' કહીને મેં કીક મારી રાજદૂત સ્ટાર્ટ કર્યું એ મારી પાછળ બેસી ગયા. ઘરઘરાટ અવાજ કરતું રાજદૂત ધૂળ ઊડાડતું ઉપડ્યું. હરણનાં પાંજરાં તરફ જવાનો રસ્તો કાચો હતો. વળી ઢાળમાં અમે ઉતરતા હતા ત્યાં નીલ ગાય વચ્ચેથી દોડી.

'જૂઓ... જૂઓ રોઝડું વચ્ચે આવી જશે તો આપણે બંને પડીશું.'

'ના કાકા એવું નહીં થાય અહીં અમારે તો આ રોજનું થયું. અહીં નીલગાય એટલે કે રોઝની સંખ્યા ઘણી છે. તેથી સાવચેતીથી જ ચલાવું છું.'




આ સાંભળી તેમને હાશકારો થયો. સાબરના પાંજરા પાસેથી આગળ વધી કોઝવે પસાર કરીને જેવા આગળ ગયા કે તુરંત જ નુર મહંમદને દૂરથી આવતાં જોઇ કાકાએ કહ્યું.

'તમારી વાત સાચી નુર મહંમદ સામે જ આવે છે. એમ કહેતાં તેમના ચહેરા પર ખુશી છવાઇ ગઇ. અમે નજીક પહોંચ્યા એટલે નૂર મહંમદે તેમને જોઇ કહ્યું.'

'સલામ ચાચા...'

'નૂરા, ખુદા તને સુખી રાખે. ઘણા દિ' થી તને જોયો નહોતો તેથી થયું કે આજે મળી જ આવું. કેમ બધાં મજામાં છે ને?'

'હા, ચાચા હાલો ઘેર.'

'ના, બસ તને જ મળવા આવ્યો છું.'

'તો આવો આપણે અહીં ઓફિસની સામે બગીચામાં બેસીએ.' નૂર મહંમદે કહ્યું.

'ભલે...'

મેં રાજદૂત હંકાર્યું અને પાર્કની જુની ઓફિસની સામે આવીને અમે બંને ઊભા રહ્યા.

'નૂરા અહીંયા આ રીઝડાં બહુ વધી ગયા છે. પહેલા તો આટલાં નો'તાં ખરું ને?'

'હા, ચાચા પહેલાં તો ઓફીસ પાછળ પાંજરું છે તેમાં રાખેલાં તે સિવાય જંગલમાં છૂટા છવાયા ફરતાં કોક કોક દેખાતાં હવે તો ટોળાં ને ટોળાં થઇ ગયાં છે.'

'ચાચા, આ નૂર મહંમદે છોડી મૂક્યાં છે.'

'કેમ?' સાચા પ્રશ્નાર્થ નજરે જોઇ રહ્યા.

'એ તો ઉપરી અધિકારીનો હુકમ થાય એટલે છોડવાં જ પડે ને' નૂર મહંમદે ચોખવટ કરી.

'હા, એમની વાત સાચી છે. અહીંના નિયામક સિંહ સાહેબનું કહેવું છે કે ગુજરાતભરમાં રોઝ એટલે કે નીલગાયની સંખ્યા ખુબ જ વધી ગયેલ છે. હવે તો એ અત્રતત્ર સર્વત્ર અવારનવાર જોવા મળી જાય છે. ત્યારે હરણોદ્યાનના પ્રવાસીઓ માટે પાંજરામાં તેને રાખવાનો કોઇ મતલબ નથી તેથી તેમને છોડાવી મુક્યાં.'

'તમારી વાત સાચી છે. અમારી બાજુ પણ રોઝની સંખ્યા ખુબ જ વધી ગઇ છે. ખેતીના પાકને નુકસાન કરે છે. ખેડૂ વર્ગ તો ખૂબ કંટાળી ગયો છે. હાઇવે પર અવારનવાર વાહન હારે ભટકાઇ પડતાં અકસ્માતો પણ ખુબ થાય છે પણ આ પ્રાણી આટલાં બધાં વધી જવાનું શું કારણ હશે?' ચાચા એ મારી તરફ જોઇ પુછ્યું.

'ચાચા, તમારી વાત બિલકુલ સાચી છે, નીલગાયની વસ્તી વધવાના ઘણાં કારણો છે. એક તો એના નામ સાથે ગાય શબ્દ જોડાયેલો છે. તેનાથી તેને ધર્મપ્રેમી લોકો દ્વારા રક્ષણ મળતું રહ્યું છે. ખેડૂતોને ખેતરમાં નુકશાન થવા છતાં તેનો શિકાર એ થવા દેતા નથી. વળી આ તૃણાહારી પ્રાણી રાજયના લગભગ મોટા ભાગના વિસ્તારમાં જોવા મળે છે. ત્યાં કુદરતી રીતે તેનું નિયંત્રણ કરનારાં ભક્ષક પ્રાણીઓ નથી. જંગલ વિસ્તારમાં દિપડા અને સિંહ છે પણ તે ચોક્કસ જંગલ વિસ્તાર પુરતા મર્યાદિત છે. તેથી એમ કહી શકાય કે આ પ્રાણીઓને મોકળું મેદાન મલી ગયું છે.'

'આ રોઝડાનું આયુષ્ય કેટલું હોતું હશે?' ચાચાએ કુતૂહલથી પ્રશ્ન કર્યો.

'આ પ્રાણી વીસ વર્ષનું આયુષ્ય ધરાવે છે. વળી એ એક સાથે બે બચ્ચાને જન્મ આપે છે. તે આખા વર્ષમાં કોઇ પણ સમયે પ્રજનન કરે છે.'

'એમ? પણ ભ'ઇ કાળો નીલ તો બહુ ખતરનાક હોં!'

'હા, નર રોજ કદાવર અને લોખંડ જેવા કાળા રંગનો હોય છે. તેના ગળામાં ભાગે કાળા રંગનો ગુચ્છ હોય છે. જે દાઢી જેવો લાગે છે. નર અને માદા બંનેના ગાલ પર સફેદ ટપકાં હોય છે. નર એકલા કે ટોળામાં પણ હોય છે નર કયારેક બચ્ચાંની સાથે હોતો નથી. નર નીલને તીક્ષ્ણ અણીયાળાં બે સીધાં શિંગડાં હોય છે. જે કાયમી રીતે રહેતા હોય છે. ખરી જતા નથી, નર માદા કરતાં કદમાં મોટા હોય છે. માદા નર કરતાં જુદા બદામી રંગની હોય છે. તેમના પગના ખરીના ઉપરના ભાગે સફેદ અને કાળા રંગની રિંગ હોય છે. નર માદા દેખાવમાં તેથી જુદા પડે છે.'

'નૂર, હું તારી પાસે કેટલીવાર આવ્યો પણ તેં તો આવું બધું કંઇ કીધેલું જ નહીંય અમે વાડીએ રોઝડાંને ઘણીવાર જોયેલાં પણ બહુ દૂરથી તેથી તમે કીધું એવું બધું ધ્યાનથી જોયેલું નહીં પણ હવે કયારેક જોશું હોં.' કહેતાં સેવકે પાણીનો પ્યાલો હાથમાં આપેલો એ લઇ દોરીને જરા સરખી કરી ચાચા પાણી પીવા લાગ્યા.

'ચાચા, તમારી વાત સાચી છે. જંગલી અવસ્થામાં રહેલી નીલ ગાય માણસોની નજીક આવતી નથી. જો કે અહીં તમે નજીકથી જોઇ શકો છો. કેમ કે અહીં નાનકડાં વિસ્તારમાં તેની સંખ્યા ખુબ જ વધી છે. તે પોતાની અનુકૂળતા મુજબ દિવસ રાત ફરતાં જોઇ શકાય છે. હાં એની એક વિશેષતા છે. એ તમને નૂર મહંમદ કહે છે, એથી મેં તેમની તરફ જોયું.'

'ચાચા આ પ્રાણીનું લખણ કહો કે અપલખણ પણ એવું જોવામાં આવ્યું છે કે એ પોતાના રહેણાક વિસ્તારની જગ્યામાં દરરોજ એક જ જગ્યાએ કુદરતી હાજતે જાય છે. આવા સ્થળે તેની જૂની અને તાજી લીંડીઓ જોઇ શકાય છે. તેને 'આખળી' કહેવાય છે.'

'હાં નૂરા એ તો મેંય જોઇ છે. પણ રોંઝડાની તાકાત બહુ હોં, ઠેંકડા મારીને ઊંચી વાડ કુદી જાય.'

'ચાચા, તારી વાત બિલકુલ સાચી છે. નીલ ગાય દુર્ગમ વિસ્તારમાં ખુબ ઝડપથી ભાગી શકે છે. વળી એની જોવાની અને સુંઘવાની શક્તિ સારી હોય છે. સાંભલવાની શક્તિ મધ્યમ હોય છે. તે બહુ ભાગંભાગ કરે એટલે પાણી પીવાની તેને વારંવાર જરૂર પડે છે. જો કે પાણી ન મળે તો પણ લાંબો સમય પાણી પીધા વગર રહી શકે છે.' નૂર મહંમદે કહ્યું.

'તમે આ ખુલ્લામાં રોઝડાં ફરે છે તેની માટે પાણીની કાંઇક સગવડ તો કરી હશે ને?' સાચાએ પુછ્યું.

'હા, અહીં કોતરો અને જંગલ જેવા ભાગમાં નાનાં નાનાં તલાવડાં બનાવ્યાં છે. તેમાં પાણી ભરીએ છીએ.'

'એ તો બહુ હારું કહેવાય.'

ત્યાં તો અમે બેઠા હતા તેની બિલકુલ સામે ના ભાગે ટેકરીની નીચે નીલ ગાયનું એક ટોળું દેખાતું તેમાં બે મોટી માદાઓ અને પાંચ છ જેટલાં બચ્ચાં હતા. સહેજ ખખડાટ થતાં તે કાન ઊંચા કરી અવાજની દિશામાં જોવા લાગતાં. અને પછી પાછાં નિરાંતે ચરવા લાગયા હતા. તો એક નીલ નર કોઝવે પાસે ભરેલાં પાણી પાસે ઊભો હતો. તે કદાચ પાણી પીવા આવ્યો હોય એમ લાગતું હતું.

'હવે તો ભઇ આ રોઝડાં બધે જ જોવા મળે છે. ખબર નહીં એ શું ખાઇને જીવતાં હશે?' ચાચાએ પ્રશ્ન કર્યો.

'ચાચા આમ તો રોઝ ઘાસ, પાન, ફળ, ફુલ બધું ખાય. તેથી ગુજરાતના બધા જ વિસ્તારમાં જોવા મળે છે. ઘાસિયા પડતર અને ઝાડીવાળા વિસ્તારો તેને વધુ અનુકૂળ આવે છે. તેથી ગામનાં ગોચરો અને ખેત વિસ્તારોમાં તેનો ફેલાવો વધુ જોવા મળે છે. ગીચ જંગલ વિસ્તારોમાં રહેવાનું એ ટાળે છે.'

'સારું તો તમે ચાચા ભતીજા વાતો કરો હું નીકળું છું.' કહી હું ઊભો થયો.

'ચાચા જમવાનો સમય થયો છે. ચાલો ઘેર જઇએ.'

'ના નૂરા, મારે સચિવાલય એક કામ હતું તેથી આવેલો. પણ ઘણાં દિ'થી તને જોયેલો નહીં તેથી થયું કે આજે તો મળી જ આવું. ફરી કયારેક જરૂર આવીશ ઘેર બધાંને ખેરીયત પુછજે.'

'ભલે ચાચા જેવી તમારી મરજી' નૂર મહંમદે કહ્યું.

હું રાજદૂત ને કીક મારવા જતો હતો ત્યાં મારું ધ્યાન એ તરફ ગયું. દૂર વાડમાં બે નોળીયા કુદાકુદ કરતા હતા. મેં જોયું તો બિલકુલ તેમની ઉપર ઝાડના થડ પર આંધળી ચાકરણ ધીમે ધીમે ઉપર ચડતી હતી. રાજદૂતને કીક મારી હું ચાલતો થયો.

(ક્રમશ:)

# ઈશ્વરની મુલાકાત કરવા મંદિરમાં શા માટે જવું જોઈએ?

ભગવાન ફક્ત મંદિરમાં નથી વસતા એ ખરું, પણ મંદિરના માધ્યમથી ભીતરના ભગવાન સુધી પહોંચી શકાય છે

તમે ક્યારેય મંદિરમાં ગયા છો? મંદિરમાં જઈને ઘંટ વગાડ્યો છે? તમે મંદિર કે દેરાસરમાં જઈને ક્યારેય ચંદનનું તિલક કર્યુ છે? રોજ નહીં તો ક્યારેક મંત્રોચ્ચાર કર્યો છે?

ના, અહીં અમે તમે કેટલા ધાર્મિક છો એની પરીઘા લેવા નથી બેઠા. મોટા ભાગના હિંદુસ્તાનીઓ પૂજા-પાઠ, મંદિર કે અન્ય દેવસ્થાનમાં જવું, ટીલાં-ટપકાં કરવાં જેવી ધર્મ સાથે જોડાયેલી આ ક્રિયાઓ નિયમિત નહી તોય ક્યારેક તો કરી જ લેતા હોય છે અને તમારામાંના મોટા ભાગનાઓએ પણ આ બધું રોજ નહીં તોય ક્યારેક તો કર્યુ જ હશે. હવે સવાલ એ છે કે મંદિરમાં જઈને ઘંટ શા માટે વગાડવો એવો પ્રશ્ન તમને ક્યારેય થયો છે ખરો? દીવો શા માટે કરવો જોઈએ? અગરબત્તી શા માટે પેટાવવાની? તિલક શા માટે કરવાનું?

વેલ, વર્ષો પહેલાં જયારે આવા સવાલો ઉપસ્થિત થતા ત્યારે એના જવાબો શોધવાના પ્રયાસોમાં કંઈક આવા જવાબો સાંપડેલા જે ઘણા ખરા લોકો આજે પણ આપશે જેમ કે, મોટા ભાગે એવો જવાબ મળશે કે મંદિરમાં ઘંટ વગાડવાનો ઈશ્વરને જગાડવા માટે. તો શું ઈશ્વર બહેરો છે? કોઈકે કહ્યું હતું કે જેમ આપણે કોઈના ઘરે જઈએ અને બેલ વગાડીએ એમ ઈશ્વરના ઘરની એ બેલ છે. જો એવું જ હોય તો ઈશ્વરને અંતર્યામી કેવી રીતે કહી શકાય? આ હિસાબે તો ઈશ્વરનેય બિચારાને આપણે બેલ વગાડીએ ત્યારે ખબર પડે કે તેને મળવા કોઈક આવ્યું છે.

બીજા શબ્દોમાં કહીએ તો આવા બધા જવાબો વાહિયાત લાગ્યા હતા. કોઈક કહેતું કે આ બધું એટલા માટે કરવાનું કે એ પરંપરાગત છે. આપણા પૂર્વજો કરતા આવ્યા છે. એક વાર કુટુંબના એક નજીકના સભ્યનું મૃત્યુ થયું હતું ત્યારે કુટુંબની જ એક વયોવૃદ્ધ મહિલાને પૂછ્યું હતું કે બધા કહે છે કે આપણને સૂતક લાગે અને તેર દિવસ સૂતક લાગ્યું હોય એ ઘરનું ખાય કે પીએ નહી તો આવું શું કામ? તે વડીલ પહેલાં તો કશું બોલ્યા નહી પણ પછી તેમણે નિખાલસતાથી કબૂલ કર્યુ કે મારી ૮૨ વર્ષની જિંદગીમાં મને કોઈએ ક્યારેય આવો સવાલ પૂછ્યો નથી. અને સાચું કહું તો આનું કારણ હુંય નથી જાણતી. વર્ષોથી આ પ્રથા ચાલતી આવે છે અને અમે એનું પાલન કરીએ છીએ બસ.

## વિચારયાત્રા

**- ડો. જય ઓઝા**

નવી પેઢી ઈન્ટલિજન્ટ છે, વિચારશીલ છે અને એટલે તે આપણી આ બધી પરંપરાઓ વિશે સવાલ પૂછતી રહે છે. આપણે જવાબ આપી નથી શકતા એટલે તે પાશ્ચાત્ય સંસ્કૃતિ તરફ વળે છે, કારણ કે ત્યાં તેમને બધી વાતના તાર્કિક જવાબ મળે છે અથવા પશ્ચિમના વૈજ્ઞાનિકો આપણી ભારતીય રૂઢિઓ કે વિધિઓ વિશે સંશોધન કરે છે, આપણને એના તર્ક આપે છે અને ત્યારે આપણને સમજાય છે કે આપણી પાસે તો કેવો અમૂલ્ય ખજાનો છે! ફક્ત જૂની હિંદુસ્તાની પરંપરા અને વારસાનાં ગુણગાન ગાવાથી નહીં વળે, નવી પેઢીને સમજણ આપવી પડશે. આપણી પરંપરાઓ અને વિધિઓ પાછળ બહુ ડી સમજ રહેલી છે. સૌથી પહેલાં આપણે એ સમજવું પડશે અને પછી એની સમજણ આપણાં બાળકોને આપવી પડશે. આપણે પણ વર્ષોથી મંદિરમાં ઘંટ વગાડતા રહ્યા છીએ, દીવો-અગરબત્તી કરતા રહ્યાં છીએ, ચંદનનું તિલક કરીએ છીએ અને માળા ફેરવતા રહ્યા છીએ પણ આપણે એવું શા માટે કરીએ છીએ એ જાણવાનો બહુ ઓછા લોકોએ પ્રયાસ કર્યો હશે. આમાંના ઘણા બધા પ્રશ્નોના જવાબ અમને ઓશો પાસેથી, અન્ય પુસ્તકો તેમ જ કેટલાક જ્ઞાનીજનો પાસેથી મળ્યા જે વાચકો સાથે શેર કરવા છે. પહેલી વાર કે જો ઈશ્વર સર્વત્ર છે, કણ-કણમાં વ્યાપ્ત છે એવું આપણાં શાસ્ત્રો, પુરાણો, ઉપનિષદો, ઋષિ-મુનિઓ અને સંતો કહેતાં આવ્યાં છે તો પછી ઈશ્વરની મુલાકાત કરવા મંદિરમાં શા માટે જવું? કોઈ એક સ્થાન જેને મંદિર, મસ્જિદ કે ગુરુદ્વારા કહેવામાં આવે છે એવી ઈમારતની જરૂર જ શું છે?

દરેક ધર્મમાં આવી એક ઈમારત છે જ પછી એને નામ ભલે-અલગ-અલગ દેવામાં આવ્યાં હોય. જૈનોના એક સંપ્રદાય જયાં મૂર્તિપૂજા નથી નથી તેમનું પણ એક ધર્મસ્થાનક તો છે જ. આની પાછળ એક બહુ ગહન વિચારધારા અને વિજ્ઞાન પણ છે.

મંદિર, મસ્જિદ કે અન્ય કોઈ પણ ધર્મ-સ્થાન એક એવું સ્થળ છે જયાં બેસીને તમે ઈશ્વર સાથે ટ્યુનિંગ કરી શકો છો. જયાં સુધી આપણી અંદર ઈશ્વર બિરાજમાન છે એ શબ્દો આપણે ફક્ત સાંભળ્યા જ છે, પણ આપણને એની અનુભૂતિ નથી, એ ઈશ્વરને આપણે આપણી અંદર પોતે જોયો નથી ત્યાં સુધી તેની સાથે તાર જોડવા માટે મંદિર, મસ્જિદ, ચર્ચ કે ગુરુદ્વારા અથવા દેરાસરનો ઉપયોગ છે. સંસારની ચહેલપહેલથી દૂર આપણી ભીતર અને બહારની ચેતના સાથેનો તાર જોડવા માટે આ ધર્મસ્થાનોનું નિર્માણ આપણા દૃષ્ટાઓએ કર્યુ હતું. એ જુદી વાત છે કે મહદંશે એ મૂળ ઉદ્દેશ ભુલાઈ ગયો છે અને કાં તો સમજણ વિના અથવા આદત અનુસાર કે પછી આપણે આપણાં મા-બાપ કે વડીલોને મંદિરોમાં જતાં જોયાં છે અને તેમણે તેમના બાપ-દાદાને જોયા છે એટલે ધર્મસ્થાનોનાં પગથિયાં ઘસવાનું ચાલતું રહે છે.

આ આખી વાતને ઓશોએ બહુ સરસ રીતે સમજાવી છે. તેમણે કહ્યું કે આ બધી પરંપરાઓ કે વિધિઓ એ ચાવી જેવી છે. આ ચાવીઓ વડે તાળાં ખોલીને ખજાનાઓ મેળવી શકાય એમ છે પણ આપણી કમનસીબી એ છે કે આપણને એ ખજાનાઓ ક્યાં છે એની જ ખબર નથી અને આપણે ફક્ત ચાવીઓ ઝુલાવતા ફરીએ છીએ. આપણને એ ખજાનાઓ ક્યાં છે, એના દરવાજા ક્યાં છે એની જાણ નથી. આ ચાવીઓ ધીમે-ધીમે કટાવા માંડી છે અને કારણ કે ખજાનો નથી મળતો એટલે આ ચાવીઓનો પણ હવે ભાર લાગવા માંડ્યો છે.

હકીકતમાં ધર્મસ્થાનોના નિર્માણ પાછળ આપણા પૂર્વજોની બહુ સૂઝબુઝ છે. હિંદુસ્તાનના પ્રાચીન અથવા તો સ્થાપત્ય કળાની સમજણ સાથે બાંધવામાં આવેલાં મંદિરોની વાત કરીએ તો આપણે ત્યાં મંદિરોમાં ગુંબજ હોય છે. આ ગુંબજ ફક્ત એ ઈમારત સુંદર દેખાય એ માટે નથી, આ ગુંબજ આકાશનું પ્રતીક છે. આપણે આકાશ નીચે બેસીને ઓમ કે અન્ય કોઈ મંત્રનો ઉચ્ચાર કરીએ તો એ ધ્વનિ ફેલાઈ જશે, ખોવાઈ જશે, કારણ કે આપણી ઉચ્ચાર કરવાની શક્તિ સીમિત છે. આ જ ઉચ્ચાર જયારે આપણે આ વિશેષ બાંધણીવાળા એટલે કે ગુંબજ ધરાવતા મંદિરમાં બેસીને કરીએ છીએ ત્યારે એ ધ્વનિ-તરંગો આપણા પોતાની તરફ પાછા વળે છે. આપણે કરેલા મંત્રોના ઉચ્ચારનો પ્રતિધ્વનિ આપણા સુધી પાછો આવે છે.

સાઉન્ડ-વાઈબ્રેશન અથવા ધ્વનિ-તરંગો પર હવે તો બહુ બધું સંશોધન થયું છે પણ આપણા પૂર્વજોએ તો એ જમાનામાં આ ઈમારતો બનાવી હતી જયારે આવાં કોઈ અત્યાધુનિક સાધનો તેમની પાસે નહોતાં. ઈમારતનો ગુંબજ જેટલો ગોળ એટલી સરળતાથી ધ્વનિ પાછો ફરશે અને એટલે વધુ પ્રતિધ્વનિ પેદા કરશે એની તેમને સમજણ હતી. મંદિરોના નિર્માણમાં એવા પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો જે આ પ્રતિધ્વનિ વધુ સારી રીતે કરી શકે.

ઘણા લોકોને જોયા છે જે એક રિચ્યુઅલ મુજબ એટલે કે જેમ દરરોજ સવારે ઠીને નહાવાનું, ખાવાનું એ જ રીતે મંદિરે જવાનું એ જ યંત્રવત્તાથી મંદિર જતા હોય છે. મંદિરમાં પ્રવેશી, માથું ટેકવી અને બહાર નીકળી જતા હોય છે. કેટલાક લોકો મંદિર પાસેથી પસાર થાય ત્યારે બહારથી જ માથું નમાવી લેતા હોય છે. અહી તેમની ટીકા કરવાનું પ્રયોજન નથી. કમસે કમ આ બહાને ઘડીભર માટેય તેમને ઈશ્વરની યાદ આવી જાય છે એ પણ કંઈ નાનીસૂની વાત નથી, પણ મંદિરોના સર્જન પાછળનો હેતુ આટલો જ નહોતો. મંદિરમાં જવાની, બેસવાની એક રીત છે. મંદિરમાં કે કોઈ પણ પૂજાસ્થળમાં આસન પર બેસવામાં આવે છે, કારણ કે જયારે તમે કોઈ પણ સાધના કરો છો ત્યારે શરીરમાં એક ર્જાનું નિર્માણ થાય છે. આ ર્જા ધરતીમાં ન જતાં તમારા પર પાછી ફરે એ માટે આસન પાથરવામાં આવે છે. મંદિર હોય કે ઘરમાંનું પૂજાસ્થાન હોય, ત્યાં પૂજા-પાઠ કે મંત્ર-જપ કરવા બેસીએ ત્યારે પલાંઠી વાળીને અથવા પદ્માસન કે સિદ્ધાસનમાં બેસવાનું કહેવામાં આવે છે. આની પાછળ પણ વિજ્ઞાન છે. આવા આસનમાં એટલે કે પગ જોડીને તેના પર આપણા હાથ ગોઠવીએ છીએ ત્યારે આપણા શરીરની ર્જા વર્તુળાકારમાં ફરે છે. આપણા શરીરની આ ર્જા અથવા વિદ્યુત બહાર ન જતાં એક સર્કિટનું નિર્માણ કરે છે. આ સર્કિટ બનાવતાં આવડી જાય અને એના પર હથોટી આવી જાય તો વિચારોનો કોલાહલ સહજતાથી કાબૂમા આવી જાય છે મનને મારીમચડીને એકાગ્ર કરવું નથી પડતું, પણ એ એકાગ્ર થવા માંડે છે. ભીતરની ચેતના સાથે જોડાણ કરવામાં સુગમતા થાય છે. આ જ આખી પ્રક્રિયા જયારે ગુંબજ આકાર નીચે બેસીને કરીએ છીએ ત્યારે મંત્રોના ઉચ્ચારણ દ્વારા કરવામાં આવેલો ધ્વનિ અને એનો પ્રતિધ્વનિ જે ગુંબજ પર અથડાઈને, સમેટાઈને આપણા પર પાછો ફરે છે એની સાથે આપણી ભીતરની ર્જાનું તાદાત્મ્ય સર્જાય ત્યારે અદ્ભુત પરિણામ આવે છે. ભગવાન ફક્ત મંદિરમાં નથી વસતા એ સત્ય છે, પણ મંદિર માધ્યમ બની શકે છે ભીતરના ભગવાન સુધી પહોંચવાનું.

# વર્તમાન સમયે નિવૃત્ત જીવન પસાર કરતાં અનસૂયાબહેનને અધ્યાત્મ વાંચન વિશેષ ગમે છે. ધ્યાન, સત્સંગ જેવી અધ્યાત્મ પ્રવૃત્તિમાં રહીને તેઓ પરમાત્મા એ આપેલા અમૂલ્ય માનવજીવનનો આનંદ લઇ રહ્યાં છે

વર્તમાન સમયે આધ્યાત્મિક સાધક તરીકે નિવૃત્ત જીવન પસાર કરતા અનસૂયાબહેનની શૈક્ષણિક કારકિર્દીની શરૂઆત જામનગરથી થાય છે. તેઓશ્રીની જન્મભૂમિ પણ જામનગર છે. ૧૬/૦૭/૧૯૪૧ના રોજ જામનગર મુકામે તેમનો જન્મ થયો. પ્રાથમિક અભ્યાસની શરૂઆત પણ જામનગરથી થઈ. શ્રીમદ્ દયાનંદ કન્યા વિદ્યાલય - આર્ય સમાજમાં તેમણએ અભ્યાસ કરી એસ.એસ.સી. પાસ કર્યુ. ત્યાર બાદ જામનગરની જાણીતી કોલેજ ડી.કે.વી.માં અભ્યાસ કરી બી.એ.પાસ થયા. રાજકોટની ધર્મેન્દ્ર કોલેજમાં એમ.એન. ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરીને અલીઆબાડામાં બી.એડ. થયા. આમ યુવા વયે ઉત્તરોત્તર શૈક્ષણિક ક્ષેત્રે તેઓ આગળ વધ્યા છે અને વ્યવસાય પણ શિક્ષિકા તરીકેનો અપનાવ્યો છે.

તેઓશ્રી ૧૯૬૬થી મ્યુનિસિપલ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા અને ૧૯૯૪માં ઓનરરી પ્રિન્સીપાલ તરીકે પણ તેમણે કામગીરી બજાવી અને પાંચ વર્ષ વહેલી નિવૃત્તિ લીધી. તેમનું કહેવું છે કે શિક્ષક તરીકેની સમગ્ર નોકરી દરમિયાન વિદ્યાર્થીઓ પાસેથી હંમેશા ભાવભર્યા પ્રેમભર્યા વ્યવહારનો અનુભવ થયો છે. કેટલાય વિદ્યાર્થીઓ આજ સુધી યાદ કરે છે અને કયારેક મળવા પણ આવે છે. હું તો માનું છું કે વિદ્યાર્થીઓ શિક્ષકની મૂડી છે.

શિક્ષણ અંગેના વિચારો દર્શાવતા તેઓશ્રી કહે છે કે શિક્ષકની નોકરીને હું એક સારામાં સારી નોકરી ગણું છું અને જો વિદ્યાર્થીઓને શિક્ષક બહુ સારી રીતે ભણાવતા હોય તો તેઓ બહુ જ ખુશ થાય છે. શિક્ષક તરીકેની નોકરી એક પડકારરૂપ (ચેલેન્જેબલ) છે. શિક્ષક બીજી નોકરીની જેમ માત્ર કાગળ, કલમ, આંકડા, હિસાબ વગેરેની સાથે કામ કરવાનું નથી હોતું પરંતુ જીવંત વિદ્યાર્થીઓ સાથે કામ કરવાનું હોય છે અને ઉપરાંત હોંશિયાર, મધ્યમ અને સાધારણ વિદ્યાર્થીઓ સાથે એક સાથે કામ કરવાનું હોય છે. આ બધાને નજર રાખી તેમની કક્ષાનો વિચાર કરીને



કામ કરવાનું હોય છે. આ બધા વિદ્યાર્થીઓ ઉપર ધ્યાન રાખી શકીએ તો શિસ્તનો પ્રશ્ન ઊભો થાય છે. વળી કેટલાક વિદ્યાર્થીઓ પોતાના માતાપિતા કરતાં પણ વિશેષરૂપે શિક્ષકને ગણતા હોય છે. તેમની વાત માનતા હોય છે. ઘણાં વિદ્યાર્થીઓનું જીવન પરિવર્તન પણ શિક્ષક (ગુરૂ) દ્વારા થતું હોય છે.

આ રીતે અનસૂયાબહેન શિક્ષકના વ્યવસાયનું મૂલ્ય ઘણું ઊંચું આંકે છે. વર્તમાન સમયે જયારે શિક્ષણનું મૂલ્ય ઘટતું જાય છે અને શિક્ષણ કેવળ પરીક્ષાલક્ષી બની ગયું છે ત્યારે અનસૂયાબહેનના શિક્ષણ અંગેના વિચારો ખૂબ ઉપયોગી બની શકે તેમ છે. શિક્ષણની

## મોંઘેરા મોતી

**- નટવર આહલપરા**

સાથે સાથે તેમણે મનુષ્યને જે આત્મવિકાસ તરફ લઇ જાય તેવો અધ્યાત્મિક પંથ જીવનસફરમાં પસંદ કર્યો છે. ભારતીય સંસ્કૃતિમાં ઋષિઓ જે આંતર ચેતનાના વિકાસની હિમાયત કરે છે. આંતરવિકાસના પંથે જવા માટે ગુરૂની જરૂર ઊભી થાય છે. અધ્યાત્મની સઘળી જિજ્ઞાસાઓ અનસૂયાબહેનના વ્યક્તિત્વમાં જોવા મળે છે. તેથી તેમણે સંત શ્રી પ્રકાશાનંદજીને પોતાના આધ્યાત્મિક ગુરૂ બનાવ્યા છે અને તેમના સાંનિધ્યમાં રહી અધ્યાત્મ ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે.

ગુરૂની આજ્ઞાથી અનસૂયાબહેને અધ્યાત્મને અનલુક્ષીને લેખનકાર્ય પણ કર્યુ છે અને તેમના દ્વારા કેટલાક પુસ્તકો સર્જાયા છે. તેમનું મહત્ત્વનું પ્રદાન 'ગંગાસતીનો યોગ અને રહસ્યવાદ' નામક પુસ્તક છે. ગંગાસતી સૌરાષ્ટ્રના મહિલા સંતોમાં અગ્રણી છે. પોતે આ પણ મહિલા હોવા છતાં તેમની યોગ વિચારણા ભજન દ્વારા અભિવ્યક્ત પામી છે. પાનબાઈને અનુલક્ષીને તેમણે ભજન દ્વારા જે યોગસંદેશ આપ્યો તે એક રહસ્યમય બિના કહી શકાય અને આ વાણીને ભજનસાહિત્યમાં ગૂઢવાણી તરીકે ઓળખવામાં આવે છે. અનસૂયાબહેને ગંગાસતીની યોગવાણી અને તેના રહસ્યવાદ ઉપર આ પુસ્તક દ્વારા સારો એવો પ્રકાશ ફેંક્યો છે.

બીજું પુસ્તક છે રામગીતા. રામગીતા એ આપણો ભારતીયોનો મહત્ત્વનો આધ્યાત્મિક ગ્રંથ છે. તેમાં હનુમાનજી મહારાજ રામને યોગ વિષયક પ્રશ્ન પુછે છે. અને રામ તેના અધ્યાત્મિક શૈલીમાં જવાબ આપે છે. આ પુસ્તક સમાજક્ષેત્રે ભાગ્યે જ લોકપ્રિય બન્યું છે ત્યારે તે વિષયક ચર્ચાને લગતું સર્જન કરી અનસૂયાબહેને અધ્યાત્મવાદીઓની પિપાસાને સંતોષવાનું નોંધપાત્ર કામ કર્યુ ગણાય.

ગઈ સદીમાં ભારતીય અધ્યાત્મના આકાશમાં આચાર્યશ્રી રજનીશજીનો પ્રાદુર્ભાવ થયો કે જેઓ પછીથી તેમના શિષ્ય સમુદાયમાં ઓશો તરીકે ઓળખાયા. આચાર્યજી કહેતા કે પ્રેમ હી પરમાત્મા છે. પ્રેમની આવી વ્યાપક વ્યાખ્યા કોઈ સંતે કો ફિલસૂફે આપી નથીં. શ્રી અનસૂયાબહેને એક હિન્દી ભાષામાં પુસ્તકની રચના કરી છે જેનું નામ છે. 'આચાર્ય રજનીસ મેરી દૃષ્ટિમેં.'

વર્તમાન સમયે નિવૃત્ત જીવન પસાર કરતાં અનસૂયાબહેનને અધ્યાત્મ વાંચન વિશેષ ગમે છે. ધ્યાન, સત્સંગ જેવી અધ્યાત્મ પ્રવૃત્તિમાં રહીને તેઓ પરમાત્માએ આપેલા અમૂલ્ય માનવજીવનનો આનંદ લઈ રહ્યાં છે.